આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૫ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૫, બુધવાર ; મહા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈમ્પેક્ટ ફી મામલે ગાંધીનગરમાં જ નિરસતા

## ગુડા વિસ્તારના ૧ હજાર કેસોનો નિકાલ : શહેરમાં રહેણાંક અને કોમર્શિયલ ગેરકાયદેસર બાંધકામોની સંખ્યા વિશેષ

ગાંધીનગર, તા. ૧૭

ઈમ્પેક્ટ ફી ની મુદતમાં સરકારે ૬ મહીનાની મુદત વધારી છે. જ્યારે ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા આ કાયદાના અમલ સંદર્ભે ગાંધીનગરમાં પણ નબળો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગુડા વિસ્તારમાં અત્યાર સુધી ઈમ્પેક્ટ ફીના ૧ હજાર પ્રકરણોનો નિકાલ કરવામાં આવ્યો છે. શહેરી વિસ્તારમાં પણ ગેરકાયદેસર બાંધકામ ધરાવતા બિલ્ડીંગોની સંખ્યા વિશેષ છે. જેની સાપેક્ષમાં નહીવત અરજદારોએ જ રસ દાખવ્યો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યું છે. ગત સપ્ટેમ્બર મહીનાથી નગરમાં ઈન્પેક્ટ ફીના કાયદાના અમલની વહીવટી પ્રક્રીયા ગુડાએ કોર્પોરેશનને સોંપી દીધી છે.

ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવાના ઈમ્પેક્ટ ફીના કાયદાની મુદત તા. ૧૮ ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ પૂર્ણ થતી હોવાથી સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ની મુદત ૬ મહીના વધારવા સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. ઈમ્પેક્ટ ફી ની મુદત વધારી આગામી તા. ૧૯ ઓગસ્ટ ૨૦૧૫ સુધીની કરી દેવાઈ છે. ઈમ્પેક્ટ ફી ના મામલે હજુ ઘણા બધા કેસો પેન્ડીંગ છે. ગાંધીનગરમાં પણ ઈમ્પેક્ટ ફી ના મામલે નબળુ ચિત્ર ઉપસી આવ્યું છે. ગુડા વિસ્તારમાં પણ ઈમ્પેક્ટ ફી ના મામલે માત્ર ૧ હજાર પ્રકરણોનો જ નિકાલ આવ્યો છે. શહેરી વિસ્તારમાં રહેણાંક અને કોમર્શિયલ ગેરકાયદેસર બાંધકામોની સંખ્યા વિશેષ છે.

આમ છતા ઈમ્પેક્ટ ફી નો કાયદો અમલમાં આવ્યા બાદ સ્થાનિક રહીશોએ પણ આ કાયદાની અમલવારી માટે વિશેષ રસ દાખવ્યો નથી. આ મામલે પ્રારંભિક તબક્કે લોકજાગૃતિ કેળવવા ગુડા કક્ષાએથી પણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઈમ્પેક્ટ ફી ની જટીલ પ્રક્રીયા સરળ બનાવ્યા બાદ પણ આ મામલે નોંધપાત્ર કામગીરી થઈ શકી નથી. જ્યારે ઈમ્પેક્ટ ફીની જવાબદારી કોર્પોરેશનને સોંપાયા બાદ છેલ્લા ૬ મહીનાના અંતે પણ ગુંચવણભરી સ્થિતિ છે.



(તસવીર : દિપક જાની)



(તસવીર : કશ્યપ નિમાવત)

મહાશિવરાત્રીનો મેળો - નગરના હાર્દસમા પંચદેવ મંદિરના પ્રાંગણમાં મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે પરંપરાગત લોકમેળો યોજાયો હતો. ભગવાન શિવજીના દર્શનાર્થે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. સાથોસાથ શહેરના અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો પણ મેળામાં પહોંચ્યા હતા. સ્વાઈન ફ્લુની સાધારણ બીક લોકમાનસમાં વર્તાતી હોય એમ અનુભવાતું હતું. આમ છતાં ભાવિકો મોટી સંખ્યામાં ભગવાન શિવજીના ચરણે શીર ઝુકાવવા આવ્યા હતા.

## આજે મંત્રીમંડળની બેઠકમાં અંદાજપત્રને મંજુરી અપાશે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યમંત્રીમંડળની આવતીકાલે મળનારી બેઠકમાં નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને મંજુરી આપવામાં આવશે. આ ઉપરાંત કેટલાક સરકારી વિધેયકોને પણ મંજુરી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૩મીને સોમવારથી વિધાનસભા અંદાજપત્ર સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ૨૪મીને મંગળવારના રોજ રાજ્યના નાણામંત્રી વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર રજુ કરનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ આતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનના મુદ્દો રજુ કરીને તેમાં કઈ કઈ નવી યોજનાઓનો સમાવેશ કરવો, સરકારની કઈ કઈ કામગીરીને દર્શાવવી એ અંગે ચર્ચા વિચારણા કરીને અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ આપવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ ૨૪મીના રોજ નાણામંત્રી અંદાજપત્ર રજુ કરનાર હોઈ ૨૩મીની રાત્રે અંદાજપત્રમાં પ્રજાને કેટલી કર રાહતો આપવી અને સેમાં વેરાઓ લાદવા એ અંગે રાજ્ય સરકાર નિર્ણય લઈને ટેક્ષેસન અંદાજપત્રને આખરી કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુના પાંચ કેસ નોંધાયા

## વધુ ૨ મહિલા દર્દીના સારવાર દરમ્યાન મોત : સે. ૨૪, ૧૩ અને ૮માંથી પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દી મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી વધુ પાંચ કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવના મળી આવ્યા છે. જેમાં ૩ કેસ શહેરના અને બે કેસ ગ્રામ્ય વિસ્તારના છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સે. ૨૪, ૧૩ અને ૮માંથી ૩ કેસ મળી આવ્યા છે. શહેરમાં તંત્ર દ્વારા ચાલી રહેલા સર્વેલન્સ દરમ્યાન આ કેસો શંકાસ્પદ જણાતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે રિફર કરવામાં આવતાં જ્યાં આ ત્રણેય દર્દીઓના કેસ પોઝીટીવ આવ્યા હતા.

સે. ૮માં બીજો સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે. ગઈકાલે પણ એક કેસ પોઝીટીવ મળ્યો હતો.

માણસા તાલુકાના રિદ્રોલ ગામની ૬૦ વર્ષની વૃદ્ધાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. તો ૪૦ વર્ષીય આધેડ ચિલોડાનાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

દરમિયાન લીંબોદરાની પણ એક મહિલાને સાંજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતા સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વાઈન ફ્લુને કારણે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. આ સાથે આ રોગને કારણે મૃત્યુ આંક ૮ પર પહોંચ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂ. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

# વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારોના ભણકારા

## આગામી સપ્તાહમાં ત્રણ સનદી અધિકારીઓ વયનિવૃત્ત થશે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના વહીવટીતંત્રમાં આગામી એક સપ્તાહમાં બઢતી અને બદલીનો દોર હાથ ધરીને ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં ત્રણ થી ચાર જેટલા સનદી અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યા છે. જેના કારણે સચિવાલયના વિભાગોમાં સચિવ અગ્ર સચિવ અને અધિક મુખ્ય સચિવ સંવર્ગની અંદાજે સાતથી વધુ જગ્યાઓ ખાલી પડવા પામી છે. આ જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ગુજરાત ગેસ કેડરના ૧૯ જેટલા અધિક કલેક્ટર સંવર્ગના અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં નોમીનેશન આપતાં અધિક કલેક્ટર સંવર્ગની અંદાજે ૩૮ જેટલી જગ્યાઓ ખાલી પડવા પામી છે.

આ ૩૮ જગ્યાઓ ભરવા માટે નાયબ કલેક્ટર સંવર્ગના અધિકારીઓને અધિક કલેક્ટર તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને આગામી એક સપ્તાહમાં બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાયબ કલેક્ટર સંવર્ગથી લઈને સચિવ અગ્ર સચિવ સંવર્ગ સુધીની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે સામાન્ય વહીવટી વિભાગ દ્વારા બઢતી અને બદલીઓનો દોર હાથ ધરવા માટેની પ્રક્રિયાઓ આરંભાઈ છે અને એકાદ સપ્તાહમાં જ બઢતી બદલીઓના હૂકમો કરીને વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આ ઉપરાંત જિલ્લાઓમાં કલેક્ટર અને ડી.ડી.ઓ. તરીકે એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓની પણ બદલીઓ માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને માર્ચના બીજા સપ્તાહમાં બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

બેસણું

પ્રભુને ગમ્યું તે ખરું ! તેમાં આપણો કોઈ ઉપાય નથી



સ્વ. ચંદ્રકાન્તભાઈ કેશવલાલ સુખડિયા
(વસુદાતા) ઉ.વ. ૬૮ રાધે પરિવાર
રાધેશરણ : તા.૧૫-૨-૨૦૧૫, રવિવાર

સખેદ જણાવવાનું કે અમારા મોટાભાઈ શ્રી રાધે શરણ પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું તા.૧૯-૨-૨૦૧૫, ગુરૂવારના રોજ રાખેલ છે.
સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક
સ્થળ : મહારાષ્ટ્ર સમાજ ભવન, સેકટર-૨૧, ગાંધીનગર.

શોકાતુર પરિવાર

જયંતભાઈ કેશવલાલ સુખડિયા (ભાઈ)
મહેશભાઈ કેશવલાલ સુખડિયા (ભાઈ)
નવદીપ જયંતભાઈ સુખડિયા (ભત્રીજો)
સચીન જયંતભાઈ સુખડિયા (ભત્રીજો)
અભિષેક જયંતભાઈ સુખડિયા (ભત્રીજો)
જયમીન મહેશભાઈ સુખડિયા (ભત્રીજો)
ઉજ્જવલ મહેશભાઈ સુખડિયા (ભત્રીજો)
ગં.સ્વ. કપિલાબેન ચંદ્રકાન્તભાઈ સુખડિયા (પત્ની)
વિપુલ ચંદ્રકાન્તભાઈ સુખડિયા (પુત્ર)
યોગેશ ચંદ્રકાન્તભાઈ સુખડિયા (પુત્ર)
વિશાખા(પુત્રી) - ઉર્વીશકુમાર (જમાઈ)
ઝંખના (ભત્રીજી) - વિરેનકુમાર (જમાઈ)
હાર્દિ - સંજના - દેવર્ષ - યુગ - યાત્રી
હેલી - કેના - વ્રજ

સામાજિક બેસણું : તા.૨૧-૨-૨૦૧૫, શનિવાર, બપોરે - ૨ થી ૫ રાખેલ છે
સ્થળ : કેશવમ્ પાર્ટી પ્લોટ - મહુડી રોડ, પેથાપુર

રાધે Prem Ni Mithaas
• રાધે સ્વીટ્સ સેક્ટર-૧૧, ૨૧, ઘ-૬
• કેશવમ્ પાર્ટી પ્લોટ મહુડી રોડ, પેથાપુર
• રાધે કેટરર્સ ગાંધીનગર
મોબાઈલ : ૯૮૨૫૪ ૫૦૧૧૧, ૯૯૦૯૯ ૫૫૬૫૦, ૬૬૦, ૬૬૧, ૬૫૫

જન્મદિન મુબારક

જીવન એક ફુલ જેવું છે. ફુલની જેમ ટાઢ, તાપ અને વરસાદની વચ્ચે પણ હસતા રહેવામાં જીવનની ખરી સાર્થકતા છે અને આ પંક્તિને સંપૂર્ણપણે ચરિતાર્થ કરતું વ્યક્તિત્વ એટલે જેમનો જન્મદિન છે ૧૮-ફેબ્રુઆરી એવા અમારા સૌના સહૃદયી



શ્રી ગિરીશભાઈ ઓ. રાવલ

તેમને આજના આ પાવન દિને ખૂબ-ખૂબ હાર્દિક શુભકામનાઓ પાઠવતા હરખાઈએ છીએ.

મૂળ ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટાનાં વતની કે જેમણે એક મધ્યમવર્ગીય પરિવારમાંથી પરિશ્રમની કેડી કંડારી સફળતાના શિખરો સર કર્યા છે. તે અત્યંત પ્રશંસનીય અને પ્રેરણારૂપ છે. એટલે જ તો આ પ્રસંગે તેમની આગવી પ્રતિભા રૂપ ભૂમિકાઓને પણ સલામકરવાનું મન થાય છે.


એક આદર્શ નાગરીક તેમજ માણસાઈના નમુના રૂપ તેમણે પોતાની આગવી વિચારશૈલી તેમજ કાર્ય પ્રણાલીને લીધે પોતાના જીવનમાં સંઘર્ષ સાથે સામાજીક, શૈક્ષણિક, વૈચારિક તેમજ સારા વ્યક્તિત્વની છાપ છોડી છે. જો તેમની કાર્ય સિદ્ધિ જોવા જઈએ તો તેઓ પૂર્વે ઈસનપુર મોટા હાઈસ્કૂલ મંડળના ઉપ-પ્રમુખ, ગુજરાત રાજ્ય સ્વ-નિર્ભર પી.ટી.સી. કોલેજ એસો.ના ઉપ-પ્રમુખ, તેમજ હાલમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના મહામંત્રી, ઈસનપુર મોટા બ્રહ્મસમાજના પ્રમુખ, રચના ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડના મેનેજીંગ ડાયરેક્ટર અને ભારતની ઉજ્જવળ ભવિષ્ય આપવા કંડારેલ શિક્ષણક્ષેત્રનું આગવું સોપાન ઓમએજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે. જેનું એક માત્ર ધ્યેય એક મજબૂત પેઢી નિર્માણ કરી ભારતનું ભવિષ્ય ઉજળું કરવાનું છે.

આવા સમાજના રત્ન સમાન ગિરીશભાઈ ઓ. રાવલ સાહેબને દીર્ઘાયુષ અને સુખદાયી જીવન માટે પ્રભુના શ્રી ચરણોમાં સહૃદયી પ્રાર્થના.

બસ એજ લિ.
આપના ઋણાનુરાગી
સમગ્ર ઓમ લેન્ડમાર્ક પરિવાર

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

20 Years | Responsible Sustained Growth | Shaping Glocal Learners
40+ Institutions with International Footprints...
CALORX PUBLIC SCHOOL
GANDHINAGAR
(English Medium, Proposed CBSE affiliation school)



Admission Open - 2015-16
Nursery to Class 8
Survey No. 272, Lekawada - Dharampur Road, Village & Post: Lekawada, Tal. & Dist. Gandhinagar
Contact No.: 81550 13382 | Email: cpsgandhinagar@calorx.org
For PreSchool franchise Call: 090999 29790